# ધોરણ-૧૨ સેમ-૩માં આજે ભૌતિક વિજ્ઞાનનું પેપર હશે

અમદાવાદ, તા.૧૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર-૧ અને ૩ની પરીક્ષા લેવાઈ રહી છે જેમાં રાજકોટ પશ્ચિમની વિધાનસભાની ચૂંટણીના લીધે બે દિવસની રજા બાદ આવતીકાલથી ફરી પરીક્ષાનો પ્રારંભ થશે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૩માં આવતીકાલે ભૌતિક વિજ્ઞાનનું પેપર લેવામાં આવશે. પ્રમાણમાં અઘરા ગણાતા ભૌતિક વિજ્ઞાનના પેપર અગાઉ મળેલ બે દિવસનો ઉપયોગ કરીને પુરતી તૈયારી કરી લીધી હોવાનું જાણવા મળ્યું છે. બીજી બાજુ ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહનાં સેમેસ્ટર-૧માં આવતીકાલે અંગ્રેજી વિષયનં પેપર લેવામાં આવશે. અંગ્રેજીનું પેપર વિજ્ઞાન પ્રવાહના મુખ્ય વિષયમાં ન ગણાતું હોવાથી વિદ્યાર્થીઓએ થોડો રાહતનો શ્વાસ લીધો હતો જો કે સેમેસ્ટર-૧માં પણ શુક્રવારે ભૌતિક વિજ્ઞાનનું પેપર લેવામાં આવનાર છે. જેથી બે દિવસની રજા દરમિયાન સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓ અંગ્રેજીની જગ્યાએ ભૌતિક વિજ્ઞાન વિષયની તૈયારીઓ કરતાં જોવા મળ્યા હતા. ઉલ્લેખનીય છે કે વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાના પ્રથમ દિવસે ગણિતના પેપરમાં ૨૫ માર્કના પ્રશ્નો ટ્વીસ્ટ કરીને પૂછાતા વિદ્યાર્થીઓ મુઝવણમાં મુકાઈ ગયા હતા. જો કે શિક્ષણ બોર્ડ દ્વારા આ પેપરમાં કોઈપણ પ્રકારનાં ગ્રેસીંગ માર્કસ આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દેવામાં આવ્યો છે. બીજી બાજુ સેમેસ્ટર-૩ના વિદ્યાર્થીઓ પણ જીવવિજ્ઞાનનાં પેપરમાં મુઝવણમાં મુકાયા હતા. જો કે ત્યારબાદ રસાયણ વિજ્ઞાનનું પેપર પ્રમાણમાં ધાર્યા કરતાં વધુ સરળ નિકળતા વિદ્યાર્થીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.



જુનિયર સિટિજન કાઉન્સિલના સહયોગથી ટોપ એજ્યુકેશન અને રેડક્રોસ દ્વારા સંદિપ પટેલના જન્મ દિવસ નિમિત્તે સેક્ટર-૨૨ ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નીમાવત)

# હવે રિવરફ્રન્ટ પર પ્રજાલક્ષી યોજના હેઠળ સાધન સહાય

અમદાવાદ, તા.૧૫

સરકારની વિવિધ પ્રજાલક્ષી કલ્યાણકારી યોજનાઓનો લાભ જે તે લાભાર્થીઓને મળી શકે તે માટે સમયાંતરે ગરીબ મેળાનું આયોજન કરવામાં આવે છે. જેમાં, જે તે યોજનાના લાભાર્થીઓએ સહાય મેળવવા વિવિધ કચેરીઓએ જવાને બદલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સરકારના વિવિધ વિભાગો સાથે મળીને લાભાર્થીઓને ગરીબ કલ્યાણ મેળાના સ્થળ સુધી લઈ આવવા સુધીની પણ વ્યવસ્થા કરી સ્થળ ઉપર જ સંબંધિત યોજના હેઠળ સીધેસીધો જે તે લાભાર્થીને સહાયનો લાભ આપે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જુદી જુદી યોજનાના લાભાર્થીઓ માટે છેલ્લા પાંચ વર્ષમાં ૨૪ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૧.૮૫ લાખ જેટલા લાભાર્થીઓને સીધેસીધો લાભ આપવામાં આવે છે અને જેની સહાયની રકમ રૂા. ૧૬૦ કરોડથી પણ વધુ થવા પામેલ છે. આજરોજ સાબરમતી રીવરફ્રન્ટ, વલ્લભ સદન ખાતે જુદી જુદી ૧૧ જેટલી પ્રજાલક્ષી કલ્યાણકારી યોજનાઓ હેઠળ જુદી જુદી યોજનાના ૬૮૦૦ જેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા હતા અને તેઓને મળતી સહાયનો સીધેસીધો લાભ સ્થળ ઉપર પ્રત્યક્ષ આપવામાં આવ્યો છે, જેના સહાયની રકમ આશરે રૂા. ૪ કરોડથી પણ વધુ થવા પામી છે. આ તમામ લાભાર્થીઓને મળતી સહાયનો લાભ ચેક અથવા કીટરૂપે પ્રત્યક્ષરીતે આપવામાં આવેલ છે.

આજરોજ સાબરમતી રીવરફ્રન્ટ, વલ્લભ સદન ખાતે, શહેરના પશ્ચિમ વિસ્તારના લાભાર્થીઓ માટે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં અમદાવાદ શહેરના પ્રભારી મંત્રી અને આરોગ્ય પરિવાર કલ્યાણ તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના રાજ્ય મંત્રી અમદાવાદ મેયર મ્યુનિસિપલ કમિશ્નર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન, મ્યુનિસિપલ ભાજપ પક્ષના નેતા, પૂર્વ સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન, ધારાસભ્યો તથા પદાધિકારીઓ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ વિભાગના અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહ્યા હતા.

# જીવનમાં સત્સંગ સંસ્કાર એ જ સાચુ ઘરેણું છે, જ્યારે બિન સંસ્કારી જીવન એ બિન પ્રતિષ્ઠા પાત્ર : પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજ

ગાંધીનગર, તા. ૧૫

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામિજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી સ્વામિનારાયણ મંદિર, મોરડુંગરા, વાઘજીપુરના પાટોત્સવ ઉઠેલા સમુદ્રી ચક્રવાત હુડ હુડે વિશાખાપટ્ટનમમાં ભયંકર તારાજી સર્જી છે. આંધ્રપ્રદેશમાં હુડ હુડ વાવાઝોડામાં જે ભોગ બન્યા છે તેઓના આત્માને શાંતિ મળે તેમજ જેઓ ઘાયલ થયા છે તે જલદી સ્વસ્થ સેંકડો સમસ્યાઓની કસોટીને પોતે સમાધાન કરી શકે છે અને અન્યના પણ તે પથદર્શક બને છે.

શ્રી મુક્તજીવન સ્વામીબાપાએ દાહોદ-ગોધરા પંથકમાં આવા સાત્વિક સંસ્કાર સંરક્ષણના મહાયજ્ઞો,



અંતર્ગત પંચમ દિવસીય કાર્યક્રમનું વિવિધ કાર્યક્રમો ઉપરાંત વાઘજીપુર ખાતે સાત્વિક સંસ્કાર સંરક્ષણ શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું.

માનવ સેવા અભિયાન અંતર્ગત જરૂરિયાતમંદ બહેનોને અંદાજે ૩૨૭ સિલાઈ મશીનો કોઈપણ નાતજાતના ભેદભાવ સિવાય અર્પણ કરાયા હતા. શૈક્ષણિક હેતુ માટે શ્રી મુક્તજીવન સ્વામીબાપા ઉ.બુ. હાઈસ્કુલ માટે રૂ. ૫ લાખનું દાન તથા વિદ્યાર્થીઓને રૂ. ૨ લાખની શિષ્યવૃત્તિ અર્પણ કરાઈ હતી.

હાલમાં બંગાળની ખાડીમાં થઈ જાય તે માટે ધૂન પ્રાર્થના કરવામાં આવી હતી.

પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજે શિબિરના અંતે હજારોની સંખ્યામાં ઉપસ્થિત મેદનીનો આશિર્વાદમાં જણાવ્યું હતું કે, સાત્વિક સંસ્કાર સંરક્ષણ માટે ઋષિમુનિઓએ પ્રથમ લાભ એ બતાવ્યો છે કે સાત્વિક મનુષ્યો હંમેશા સ્થળે સ્થળે સમયે સમયે માન-પાન પામતા રહે છે.

એમની વાણી, વર્તન એક હોય છે અને આમ સમાજમાં વિશ્વાસપાત્ર બનતા રહે છે અને તેઓની આબરૂ પ્રતિષ્ઠા દિનો દિન લોકહૃદયમાં સ્પર્શતી રહે છે. જીવનમાં આવતી શિબીરોનું આયોજન કરી મનુષ્યોને વ્યસનોની ચુંગાલમાંથી છોડાવી અનેક ભાઈ-બહેનોના જીવન ઉર્ધ્વગામી બનાવી તેમજ લૌકિક વ્યવહાર માટે પણ આર્થિક રીતે સધ્ધર બનાવ્યા છે.

જીવનમાં સત્સંગ સંસ્કાર એ જ સાચુ ઘરેણું છે, જ્યારે બિન સંસ્કારી જીવન એ બિન પ્રતિષ્ઠા પાત્ર છે. સંસ્કારી મનુષ્ય કોઈપણ ગંદકી કરતો નથી એ જ સાચી સ્વચ્છતા છે અને સારા વિચાર કરવા એ પણ એક ઉત્તમ પ્રકારની કલા છે. દાહોદ-પંચમહાલ વિસ્તાર મળીને અંદાજે પીસતાલીસ છેંતાલીસ હજારની સંખ્યામાં માનવ સમુદાય ઉપસ્થિત રહ્યો હતો.

# અમદાવાદમાં ગરીબ કલ્યાણ મેળામાં સહાયતાનું વિતરણ

અમદાવાદ, તા.૧૫

સાબરમતી રીવરફ્રન્ટ ખાતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા યોજાયેલ ગરીબ કલ્યાણ ૬૭૪૭ લાભાર્થીઓને રૂા. ૩૯૮.૯૦ લાખની સાધન સહાય અને ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકની કુલ નવ વિભાગની વિવિધ કલ્યાણકારી યોજનાની સહાય અર્પણ કરતા શહેરી વિકાસ રાજ્ય મંત્રી શંકર ચૌધરીએ જણાવ્યું કે સરકારે ગરીબોને તેમના હક્કનું આપી આર્થિક રીતે ઉન્નત કરવાની દિશામાં આગળ વધી ગરીબોને ગરીબીમાંથી બહાર લાવવાનું સામર્થ્ય પુરુ પાડ્યું છે.

સરકારના અભિગમ સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને આપેલી સાધન સહાય ગરીબોને દિવાળી અને બેસતા વર્ષની ભેટ છે. જેનાથી ગરીબોનો અંધકાર દૂર થશે.

અમદાવાદના મેયર મિનાક્ષીબેન પટેલે જણાવ્યું હતું કે શહેરી ગરીબો માટે પાંચ તબક્કામાં ૨૪ ગરીબ કલ્યાણ મેળામાં કુલ ૧,૮૪,૪૩૩ લાભાર્થીઓને રૂા. ૧૬૨૫૫૮.૩૧ લાખની સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યું છે.





તારીખ ૯ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન 'પોસ્ટ ડે' તરીકે ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર સિવિલ ખાતે એક રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પોસ્ટ વિભાગ અધિકારીઓ હાજર રહ્યા હતા અને રક્તદાન કર્યું હતું. (તસવીર : કશ્યપ નીમાવત)

# વિકાસમાં સહભાગી થવા મેકસીસ ગ્રુપની ઉત્સુકતા

ગાંધીનગર, તા.૧૫

મુખ્યમંત્રી આનંદીબેન પટેલની વિશ્વખ્યાત ટાયર ઉત્પાદન કંપની મેક્સીસ ગ્રુપના પ્રેસીડેન્ટ ડો. વોલી ચેનને ગાંધીનગરમાં આજે સૌજન્ય મુલાકાત લીધી હતી. મેક્સીસ ગ્રુપ અમદાવાદ જિલ્લામાં સાણંદ નજીક તેનું ઉત્પાદન એકમ શરૂ કરવાની છે તે સંદર્ભમાં મુખ્યમંત્રીએ ગુજરાતમાં આ જૂથના આગમનને આવકાર્યું હતું. આનંદીબેન પટેલ વડાપ્રધાનના મેઈક ઈન ઈન્ડિયાના સંકલ્પને સાકાર કરવા ગુજરાત ઔદ્યોગિક મૈત્રીપૂર્ણ વાતાવરણ અને પ્રોત્સાહનો સાથે તત્પર છે અને વાયબ્રન્ટ ગુજરાત સમિટની શ્રૃંખલાઓની સફળતાને પગલે આંતરરાષ્ટ્રીય અને વૈશ્વિક ખ્યાતિપ્રાપ્ત અનેક ઉત્પાદન એકમો ગુજરાતને પસંદગીનું સ્થળ બનાવી રહ્યા છે તેની વિસ્તૃત છણાવટ વોલી ચેન સાથેની આ મુલાકાત બેઠકમાં કરી હતી. આનંદીબેન પટેલે આગામી જાન્યુઆરી-૨૦૧૫માં યોજાનારી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૫માં ભાગ લેવા ાવવાનું નિમંત્રણ પણ મેક્સીસ ગ્રુપના પ્રેસિડેન્ટને પાઠવ્યું હતું.



## શબ્દાવલી - ૫૫૩૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | | ૫ |
| | ■ | ૬ | | ૭ | | ■ | |
| | ■ | | ■ | ૮ | | ૯ | |
| ■ | ૧૦ | ■ | ૧૧ | | ■ | ૧૨ | |
| ૧૩ | | | ■ | | ■ | | ■ |
| ૧૪ | | ■ | ૧૫ | ■ | ૧૬ | | ૧૭ |
| ■ | ■ | ૧૮ | | ■ | | ■ | |
| ૧૯ | | | | ■ | ૨૦ | | |

### આડી ચાવી

૧. ગોસમોટાળો, ગોટાળા(૪)
૪. ગાડુ (૩)
૬. સ્હેજ ગરમ હોય તેવું હુંફાળું પાણી(૪)
૬. જમીનમાંથી ખોદી કાઢેલ દ્રવ્ય (૩)
૯. ત્વરાથી, ઝડપથી (૨)
૧૧. આયનો, શીશો (૨)
૧૨. ... અને પુન્યના ભેદ રે પરખાતા (૨)
૧૩. રાવણ... હતો તે ગમે તે રૂપ લેવાની માયા જાણતો હતો (૩)
૧૪. બ્હાર જઇએ ત્યારે દરવાજે... વખાય (૨)
૧૬. બહુ લપ કરનાર (૩)
૧૮. ક્ષીણ, નબળું (૨)
૧૯. ફળસ્વરૂપ, ... રૂપે (૪)
૨૦. ભારતનું ચલણીનાણું... છે(૩)

### ઊભી ચાવી

૧. ગીલોલ જેવું સાધન (૩)
૨. મનુષ્ય (૩)
૩. પ્રેમ, પ્યાર (૨)
૪. દૂર્યોધનનો કપટી મામો(૩)
૫. ફટાફટ, એક પછી એક તરત જ (૪)
૭. ઘણા કામના કરે પણ મોટા મોટા સપના જુએ... ની જેમ(૪)
૯. બાથંબાથી (૪)
૧૦. દયાળુ, કૃપાળુ (૩)
૧૩. જનની, જનેતા (૨)
૧૫. કશીશ, પીડા, ચુભન (૩)
૧૬. બકરીનું બચ્ચું (૩)
૧૭. એક કૃત્રિમ ખાતર (૩)
૧૮. દયા, માયા (૨)

### શબ્દાવલી ૫૫૩૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) કિચક (૩) બારમાસી (૫) ડફેર (૭) ડચકારો (૯) કપાસી (૧૧) ણબા (૧૨) કરચલો (૧૪) લુઆ (૧૭) તપ (૧૯) વારાફરતી (૨૧) રોગચાળો (૨૨) ડોસલો

**ઊભી ચાવી :-** (૧) કિચડ (૨) કડકાબાલુસ (૩) બાર (૪) સીલસીલો (૬) ફેરો (૮) ચણ (૯) કર (૧૦) પાચન (૧૩) ચબુતરો (૧૫) પગ (૧૯) વાળો (૨૦) રસ



દહેગામ તાલુકાનાં લવાડ ગામે શ્રી જી.એમ. એન. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા તા. ૧૧ ઓકટોબરથી ૧૭ ઓકટોબર સુધી એન.એસ.એસ. કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૧૪ થી ૧૬ દરમિયાન યુથ લીડરશીપ ટ્રેનીંગ પ્રોગ્રામ અંતર્ગત ૧૫મીનાં રોજ પૂર્વ કલેકટર (વલસાડ) આઈ.કે. વ્હોરા દ્વારા વકતવ્ય આપવામાં આવ્યું હતું. સાથે 'ગ્લોબલ હેન્ડવોશ ડે' નિમિત્તે ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટનાં ડૉ. મયુર જોષી દ્વારા હાજર વિદ્યાર્થીઓને હાથની સફાઈ રાખવાની સમજ આપતો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર યુવા સંયોજક રજનીકાંત સુથારે વિદ્યાર્થીઓને સફાઈ તેમજ લીડરશીપ વિશે સમજ આપી હતી. આ પ્રસંગે સરપંચ વિક્રમસિંહ, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયના રેશ્માબેન કેદારે, એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. કીરીટ પટેલ, એનવાયસી નિશાન ગોસ્વામી, લવાડ પ્રાથમિક શાળાનાં ડાહ્યાભાઈ પટેલ, જી.ઈ. કલબનાં ડાયરેકટર કશ્યપ નિમાવત ઉપસ્થિત રહ્યા હતાં. (તસવીર : કશ્યપ નિમાવત)

## દક્ષિણ-મધ્ય ઝોન રિસરફેસ કામ માટે દરખાસ્ત ન આવી

અમદાવાદ, તા.૧૫

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આવતીકાલના રોજ વિવિધ કામોને લઈને સ્ટેન્ડીંગ કમિટી મળનાર છે જે સ્ટેન્ડીંગ કમિટીના એજન્ડામાં કુલ ૧૦ કામોમાં રોડ રિસરફેશના કામો માટે દરખાસ્ત મુકવામાં આવી છે. જેમાં ફક્ત પશ્ચિમ, નવા પશ્ચિમ, ઉત્તર અને પૂર્વ ઝોનના રોડ રિસરફેશના જ કામોની દરખાસ્ત મુકવામાં આવી છે પરંતુ દક્ષિણ અને મધ્ય ઝોનના રોડ રિસરફેશનના કામો માટે કોઈ રૂપિયા ફાળવવામાં આવ્યા નથી. આ બાબતે મ્યુનિસિપલ કોંગ્રેસ પક્ષના નેતા બદરૂદ્દીન શેખે મ્યુનિસિપલ કમિશ્નરને જણાવ્યું હતું કે સત્તાધારી ભાજપના આગેવાનો પોકળ વાતો કરીને પ્રજાને ગુમરાહ કરે છે. આવતીકાલે મળનારી સ્ટેન્ડીંગ કમિટીના એજન્ડામાં પશ્ચિમ-નવા પશ્ચિમ ઝોનના રોડના રિસરફેશ માટે રૂા. ૫૨ કરોડનું કામ તેમજ ઉત્તર - પૂર્વ ઝોનના વિવિધ રોડ માટે રૂા. ૪૦ કરોડના ખર્ચે રિસરફેશ કરવા માટેના કામની દરખાસ્ત મુકવામાં આવી છે.

## વાવણી વધારવા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વાવેતર વિસ્તારમાં પણ નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે તેની વિપરીત અસરો રવિ સીઝનના વાવેતર પર ના પડે તે માટે સરકારના કૃષિ વિભાગે આ સક્રિય વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ રાજ્ય સરકાર દ્વારા દિવાળી પછી તુરત જ આ અંગેની વિધિવત્ ઘોષણા થશે. આ કૃષિ મેળામાં ખાતર અને બિયારણના વિતરણની બાબતમાં પણ એક વિચારણા ચાલી રહી છે જો કે આ બાબતે અલગ-અલગ મતો વિભાગના અધિકારીઓમાં જ પ્રવર્તી રહ્યા છે.

એવુ પણ જાણવા મળેલ છે કે રાજ્ય સરકાર રાખી મેળો, નવરાત્રી મેળો પછી હવે કૃષિ મેળાનું નવતર આયોજન કરવા માટેનું આયોજન આ માસના અંત સુધીમાં તૈયાર કરી દેશે. મળતી વિગતો પ્રમાણે ઠંડીનું વાતાવરણ હજુ જામ્યુ નથી અને રવિ સીઝનની વાવણીનો પ્રારંભ પણ હવે દિવાળી પછી થશે તેવી લાગણીને ધ્યાને રાખી સરકાર નવેસરના બીજા સપ્તાહમાં આ મેળાઓનું આયોજન કરશે તેમ મનાઈ રહ્યું છે.

## બજાર છલકાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નગરજનોની વિશેષ ચહલ પહલ જોવા મળતી હોય છે. દિવાળી પૂર્વે જ મુહુર્તની દ્રષ્ટિએ અનોખો સંયોગ રચાતા ગુરુવારે શહેરના બજારોમાં સોનું ખરીદવા નગરજનોમાં વિશેષ ઉત્સાહ જોવા મળશે. બીજી તરફ સોનાના ભાવમાં પણ પ્રમાણમાં ગિરાવટ આવતા સોની બજારમાં ઘરાકી નિખરશે તેમ પણ મનાઈ રહ્યું છે. સોનાની લગડી, દાગીના, ઉપરાંત ચાંદીના વાસણો, પૂજાના વાસણો સિક્કાનું આવા સંજોગોમાં વિશેષ વેચાણ થતું હોવાનું મનાય છે. આ ઉપરાંત સોનાની વીંટી, બુટ્ટી અને લગડીનું પણ વેચાણ થતું હોય છે. શહેરી વિસ્તારમાં અંદાજિત આજના શુભ મુહુર્તના દિવસે રૂ. ૪ કરોડનું સોનું-ચાંદી ખરીદાય તેવી સંભાવના છે. જવેલરી શોપના વેપારી પરેશ સોનાની જણાવ્યા મુજબ સારા મુહુર્તના દિવસોમાં પોષાય તેવી નાની ચીજવસ્તુઓની ખરીદી પણ વિશેષ થાય છે. કલ્પેશ સોનીએ પણ ગુરુ પુષ્યામૃત સિધ્ધિ યોગ જેવા શુભ દિવસોમાં માત્ર દાગીના જ નહીં પરંતુ લગડી અને સિક્કાની ખરીદી વધુ થતી હોવાનું પણ જણાવાયું છે. ગ્રાહકોની ડીમાન્ડ પુરી કરવા તેમજ શુભ મુહુર્તોને ધ્યાને લઈ જવેલરી બજારના વેપારીઓએ પણ પૂરતી તૈયારીઓ કરી લીધી છે. આડા દિવસે ખાલી ભાસતી સોના ચાંદીની દુકાનોમાં આજે ભીડ ભાડ જોવા મળશે.

## ૪૯.૩૨ ટકા મતદાન.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટકા મતદાન ઓછું થતાં જ રાજકીય પક્ષો મતદારોને ઘરે ઘરે જઈ મતદાન કરવા દોડ્યા હતા. સાંજે ૬:૦૦ વાગ્યે મતદાન પુરૂં થતાં કુલ ૪૯.૩૨ ટકા મતદાન નોંધાયું હતું. સુત્રોમાંથી મળેલી માહિતી મુજબ, રાજકોટ-૨ બેઠકમાં કુલ ૨.૯૨ લાખ મતદારો છે. મતદારનનો સમય પુરો થતાં માત્ર ૧,૪૩,૯૬૨ લોકોએ જ મતદાન કર્યું હતું. ચૂંટણી પુર્વે ઉમેદવારો દ્વારા જંગી લીડથી જીતવાના દાવાઓ થયા હતા. પરંતુ મતદાન ઓછું થતાં ઉમેદવારો અવઢવમાં મુકાઈ ગયા હતા. સવારે સાત વાગ્યે મતદાન શરૂ થાય તે પહેલા તંત્ર દ્વારા મોકપોલ યોજાયો હતો.

મોક પોલ દરમિયાન ગીતગુર્જરી સોસાયટીમાં આવેલી શાલા નંબર ૬૫માં એક ઈવીએમમાં ક્ષતી સર્જાતા તંત્રમાં દોડધામ થઈ ગઈ હતી. જો કે, થોડીવારમાં તેનું નિરાકરણ આવતાં તંત્રએ રાહત અનુભવી હતી. ભાજપના ઉમેદવાર વિજય રૂપાણી પણ સવારે સાત વાગ્યે બ્રહ્મસમાજ ચોક પાસે આવેલા મતદાન મથકમાં અને કોંગ્રેસના જયંતિ કાલરિયા પંચવટી મેઈન રોડ પર આવેલા મતદાન મથકે મતદાન કરવા પહોંચી ગયા હતા. આજે યોજાયેલી પેટાચૂંટણીનું પરિણામ રવિવારે જાહેર થશે ત્યારે ચિત્ર સ્પષ્ટ થઈ જશે પરંતુ રાજકોટની આ પેટાચૂંટણીમાં બંને મુખ્ય રાજકીય પક્ષો ભાજપ તથા કોંગ્રેસ ખુબ ... પૂર્વક ચૂંટણી જંગમાં ઉતરી પડ્યા હતા. રવિવારે આવનાર પરિણામ દર્શાવશે કે ગુજરાતમાં ભાજપનો ગઢ હજી મજબુત રહ્યો છે કે કોંગ્રેસની સ્થિતિ સુધી છે બંને પક્ષોના દાવાની બીજી તરફ રાજકોટની પ્રજા કંઈ તરફ પોતાની પસંદગીનો કળશ ઢોળશે તેની ઈંતેજારીનો રવિવારે જ અંત આવશે.